# ધોતીયું ધારણ કરવાનાં ધારાધોરણો

## –નટવર પંડ્યા

એક સુંદર યુવતી બસમાં ચડતી હતી. બરાબર તેની પાછળના પગથીયે ધોતીયું પહેરેલા એક વડીલ પણ બસમાં ચડતા હતા. એકાએક વડીલે બુમ પાડી, *“બહેન, હવે તમે જો એક ડગલું પણ આગળ વધશો, તો ન થવાની થશે!”* યુવતીએ ફરીથી પગથીયું ચડવા પગ ઉપાડ્યો. વડીલે ફરીથી બુલંદ સ્વરે બુમ પાડી, એ જ ચેતવણી આપી. યુવતી અટકી ગઈ અને ખીજાઈને બોલી, *“હું આગળ પગલું ભરું તેમાં તમને શો વાંધો છે? ક્યારના બુમો શું પાડો છો ! હું તો આ ચાલી.”*

ત્યારે વડીલે ખુલાસો કર્યો કે, *“બહેન, મારું ધોતીયું તમારા સેન્ડલમાં ભરાઈ ગયું છે. હવે તમે આગળ વધશો તો હું ‘શુકદેવજી’ સ્વરુપ થઈ જઈશ.”*

ટૂંકમાં, ધોતીયું પહેરનારે એ ખાસ ધ્યાન રાખવું પડે છે કે ધોતીયું ક્યાંય ભરાઈ ન જાય અથવા પોતે ક્યાંક ભેરવાઈ ન જાય. નરવસ્ત્રોની દુનીયામાં ધોતીયાએ વરસો સુધી એકચક્રી શાસન કર્યું; કારણ કે ધોતીયું કોઈ પણ સંજોગોમાં સાનુકુળ વસ્ત્ર છે. આમ છતાં, ધોતીયાની મોનોપોલી તુટી રહી છે. આ વાત પેલાં રોકડીયાં ગીતોમાં પણ વ્યક્ત થાય છે કે, “મારે પેન્ટવાળાને પૈણવું’તું; ધોતીયાવાળો ગમતો નથી.” જો કે, હવે એનાથી આગળ વધેલાં ગીતોમાં એમ પણ ગવાય છે કે, “મારે 4Gવાળાને પૈણવું’તું; 2Gવાળો ગમતો નથી.” તેમ છતાં, જો કે હવે તો યુવાન પાસે 3G હોય કે 4G; પણ પૈણવા માટે તો દીકરીના બાપને આજીજી જ કરવી પડે છે.

ખેર, આપણા દેશમાં વૈદીક યુગથી માંડીને છેક બ્રીટીશ શાસન સુધી ધોતીયાની બોલબાલા રહી છે. કારણ એ કે, ધોતીયાને ખરીદીને ધારણ કરો ત્યાં સુધીમાં, વચ્ચે ક્યાંય દરજી આવતો નથી. ધોતીયું ફેક્ટરીથી ડાયરેક્ટ શરીર સુધી આવી જાય છે. દીવાળી વખતે અન્ય કપડાંની ખરીદી બહુ વહેલી કરવી પડે છે; પણ ધોતીયું તો તમે દીવાળીની રાતે ખરીદીને પહેરી શકો છો. વળી, આજ સુધીમાં ‘રેમન્ડ’, ‘દીગ્જામ’ કે ‘ઓન્લી વીમલ’ જેવાં ‘બ્રાન્ડેડ ધોતીયાં’ બજારમાં આવ્યાં નથી. તેમ જ ‘પાર્ટીવેર ધોતીયું’ કે, ‘ફોર્મલ ધોતીયું’ એવા કોઈ પ્રકાર નથી. આમ, ધોતીયું ‘ફોર્મલ’ છે અને ‘નોર્મલ’ પણ છે.

ધોતીયામાં ક્યાંય વચ્ચે દરજી ન આવતો હોવાથી જ એ પહેરવું મુશ્કેલ છે. ત્યારે જ આપણને દરજીનું મુલ્ય સમજાય. કારણ કે, નવોદીત ધોતીયાધારકો માટે ધોતીયું પહેરવું જ નહીં; પરંતુ સાચવવું પણ અઘરું છે. તેથી જ કોઈ વ્યક્તીને જ્યારે પ્રસંગોપાત્ત ધોતીયું પહેરવાનો વખત આવે છે, ત્યારે જે રીતે આર્યનારી પોતાના ચારીત્ર્યનું જતન કરે છે, એ રીતે ધોતીયાધારક ધોતીયાનું જતન કરે છે. નહીં તો ગમે ત્યારે ધોતીયાનું પતન થઈ શકે છે. કારણ કે, ધોતીયું પહેરો ત્યારે પરીસ્થીતી એકદમ પ્રવાહી હોય છે. તેથી જ પ્રસંગોપાત્ત ધોતીયું પહેરનારનો એક હાથ તો હંમેશાં ધોતીયાને ધોરણસરની સ્થીતીમાં રાખવામાં જ રોકાયેલો હોય છે. કારણ કે વખત આવ્યે સામી છાતીએ લડવા જવું સહેલું છે; પણ ધોતીયું પહેરી સામા પવને ચાલવું બહુ અઘરું છે. પવન સુસવાટા મારતો હોય અને જાતકે ધોતીયું પહેરીને સામા પવને ચાલવું જ પડે તેમ હોય, ત્યારે જાતકની સ્થીતી 'ચુંદડી ઓઢું ઓઢું ને ઉડી જાય' જેવી હોય છે.

કહેવાય છે કે 'કફન મેં જેબ નહીં હોતી ઓર ધોતી મેં ચેઈન નહી હોતી.' જો કે એ જ સૌથી મોટી સમસ્યા છે. ધોતીયામાં ચેઈન નથી હોતી. કારણ કે કફન તો માણસે એક વાર જ ઓઢવાનું હોય છે. વળી ઓઢ્યા પછી પણ તેને સરખું જાળવવાની જવાબદારી ઓઢનારની નથી હોતી. પણ ધોતીયામાં તો સંપુર્ણ જવાબદારી ધોતીયાધારકની હોય છે. કહેવાય છે કે, 'ગોર-મહારાજ લગ્ન તો કરાવી દે; પણ સંસાર ન ચલાવી દે.' એવું ધોતીયામાં છે. ગોર-મહારાજ ધોતીયું તો પહેરાવી દે; પણ ધોતીયા પર કાબુ રાખવાની સંપુર્ણ જવાબદારી ધોતીયાધારકની હોય છે. એમાં શાસકપક્ષ પોતાની નીષ્ફળતા વીરોધપક્ષ પર ઢોળે એવું થઈ શકતું નથી. કેટલીક વાર સ્થીતી એવી થાય છે કે ધોતીયા પર કાબુ રાખવામાં જ જાતક બેકાબુ બની જાય છે. કાયમી ધોરણે ધોતીયું પહેરતા હો તો વાંધો ન આવે; પણ ક્યારેક પ્રસંગોપાત્ત ધોતીયું ધારણ કરવાનું હોય છે એટલે જ બધી બબાલ થાય છે. કહેવાય છે કે ભારતમાં બાદશાહને હાથી પર બેસાડવામાં આવ્યો અને હાથીને ચલાવવા મહાવત બેઠો. મહાવતે જેવો હાથીને ચાલતો કર્યો કે તરત બાદશાહે કહ્યું કે, '*લાવ હાથીને હું જ ચલાવું.*' ત્યારે મહાવતે કહ્યું, '*હાથી કેમ ચલાવવો તે તમને ન આવડે, એ તો અમે મહાવત જ ચલાવી શકીએ.*' આ સાંભળી બાદશાહ તરત હાથી પરથી નીચે ઉતરીને બોલ્યો, '*જે પ્રાણીને હું મારી મરજી મુજબ ન ચલાવી શકતો હોઉં, તેના પર હું કદાપી સવારી નહી કરું.*' પણ ધોતીયા બાબતે આપણે એવું કહી શકતા નથી કે, '*જે વસ્ત્ર હું જાતે પહેરી શકતો ન હોઉં તે વસ્ત્ર હું કદાપી ધારણ નહી કરું.*" પ્રસંગ આવ્યે એ તો પહેરવું જ પડે છે. કોઈ વીધી, હોમ-હવન, યજ્ઞ, શ્રાદ્ધ

કે નારાયણ બલી જેવા પ્રસંગોએ જાતકે ધોતીયું પહેરવું જ પડે છે. કેટલીક વાર તો પુરોહીતજીના કહેવા મુજબ, યજમાને જ્યારે પીતૃદોષનીવારણવીધી વખતે ધોતીયું પહેરવું પડે છે ત્યારે, તેમાં પીતૃઓનું ટેન્શન તો દુર થવું હોય ત્યારે થાય; પણ જ્યાં સુધી વીધી ચાલે ત્યાં સુધી યજમાનને ધોતીયાનું ટેન્શન ભારોભાર રહે છે.

આજ સુધી પ્રસંગોપાત્ત ધોતીયું પહેરનાર કોઈ એવો ધોતીયાધારક તમે નહીં જોયો હોય કે તેને એવો ગળા સુધી વીશ્વાસ હોય કે, આ ધોતીયું પહેર્યા પછી સાંજ સુધી ટકી રહેશે. જેમ અપક્ષોના ટેકે ટકેલી સરકારને સતત ટેન્શન હોય છે કે આપણી સરકાર ગમે ત્યારે ભાંગી પડશે. એ જ રીતે પ્રસંગોપાત્ત ધોતીયું પહેરનારને સતત એ ટેન્શન રહે છે કે આ ધોતીયું ગમે ત્યારે દગો દેશે. ભલે જાતકનું ધોતીયું ઢીલું ન હોય; છતાં તેનો જીવ તો ધોતીયે જ ચોંટ્યો હોય છે. જ્યારે 'ધોતીયેઢીલા' એવા ગુરુઓ, બાપુઓ, સ્વામીઓને ધોતીયાનું ટેન્શન લેશમાત્ર હોતું નથી. જ્યારે કોઈ વીધી ઉભા ઉભા કરવાનો હોય અને ગોર-મહારાજ કહે કે, *'હવે તમારા બન્ને હાથ જોડી રાખો અને હું કહું ત્યાં સુધી જોડેલા જ રાખજો!'* ત્યારે જાતક હાથ જોડતાં પહેલાં, બન્ને હાથ વડે ધોતીયાની સ્થીતી ફરી એક વાર મજબુત કરી લે છે. જ્યારે જ્યારે તે આમ ધોતીયા પર હાથ નાખે છે, ત્યારે ત્યારે તેને 'સાલી, કંઈક ગરબડ થઈ છે' એવો ભાસ થાય છે. કેટલીક વાર ધોતીયું સ્થાનભ્રષ્ટ થઈ નીચે ઉતરી ગયું હોય એવું લાગે છે. એટલે તે ગોર-મહારાજની આજ્ઞા મુજબ હાથ જોડતા પહેલા ધોતીયાને જરા ઉપર ખેંચી મુળ સ્થાને લાવે છે. કેટલીક વાર ધોતીયાની ગાંઠને જરા કસીને ફરીથી ટાઈટ કરી લે છે. આમ, ધોતીયાનું પણ તબલા જેવું હોય છે. જેમ કોઈ કાર્યક્રમમાં એકાદ કલાક સંગીતનો કાર્યક્રમ ચાલ્યા પછી, વચ્ચે થોડો રેસ્ટ આવે, એટલે તરત જ તબલાવાદકને થાય છે કે તબલું જરા ઉતરી ગયું છે. એટલે તેની ચારે બાજુ ટકોરા મારીને તબલું ચડાવે, એવું જ ધોતીયાનું છે. દર અડધા કલાકે ધોતીયાધારક, ધોતીયાને ધોરણસરની સ્થીતીમાં રાખવાના પ્રયત્નો કરતો રહે છે.

નવા જાતક માટે ધોતીયાનું સૌથી મોટું ભયસ્થાન છે, ધોતીયાની ગાંઠ! કેમેય કરીને તેને ધોતીયાની ગાંઠ પર શ્રદ્ધા બેસતી નથી અને જ્યાં સુધી ગાંઠ પર શ્રદ્ધા બેસતી નથી, ત્યાં સુધી ભગવાનમાં પણ શ્રદ્ધા બેસતી નથી. કારણ કે તેનો જીવ ગાંઠે જ વળગેલો હોય છે. તેને થાય છે કે, પ્રીયતમા સાથે બબ્બે ત્રણત્રણ વરસ સુધી બંધાયેલી પ્રેમની ગાંઠ પણ છુટી જાય છે, સગાં-સમ્બન્ધીઓ સાથેની વરસો સુધી સમ્બન્ધોની જુની ગાંઠ પણ છુટી જાય છે; તો આ ધોતીયાની

ગાંઠનો શો ભરોસો! એટલે જ તે વારંવાર ગાંઠની વફાદારીને ચકાસતો રહે છે. જાતક આટલેથી જ અટકતો નથી. ધારો કે ધોતીયાધારી યજમાને આખો દીવસ હવનમાં હાજરાહજુર રહેવાનું હોય ત્યારે, તેમાં બપોરે '*ફરાળ*' માટે '*રીસેસ*' પડે અને તે ફરાળ માટે રસોડામાં જાય છે. ત્યારે પણ, ફરી એક વાર પેલી ગાંઠને આખેઆખી છોડી તેને વધુ ટાઈટ બાંધી નીર્ભય બની જાય છે. પણ આ નીર્ભયતા ઝાઝું ટકતી નથી. કેટલાક જાતકો આવા રીસેસ ટાઈમ દરમીયાન ખુદ ગોર-મહારાજને બોલાવીને ધોતીયાધારણનો વીધી ફરીથી એકડે એકથી કરાવે છે અને ધોતીયાને પોતાની જરુરીયાત મુજબ ઢીલું કે ટાઈટ કરાવે છે.

પ્રસંગોપાત્ત ધોતીયું પહેરવાનું થાય ત્યારે, તેને 'પહેરાવનાર'ની જરુર પડે છે. આવો ધોતીયું પહેરાવનાર એવો હોવો જોઈએ કે, જેના પર જાતકને અપાર શ્રદ્ધા હોય. વળી ધોતીયું પહેરાવનાર પોતાના કાર્ય પ્રત્યે પુરેપુરો ગંભીર હોવો જોઈએ; નહીં તો તેનાં માઠાં પરીણામો ધોતીયું પહેરનારે ભોગવવાં પડે છે. એમ તો પ્રસંગોપાત્ત '**ટાઈ**' પહેરવાની, કોઈ પણ પ્રસંગે '**સાફો**' બાંધવાની જરુર પડે ત્યારે તજજ્ઞોની જરુર પડતી જ હોય છે. આપણને જાતે ટાઈ બાંધતા કે સાફો બાંધતા ફાવતું નથી. આમ છતાં; તેમાં બહુ ટેન્શન હોતું નથી. ધારો કે સાફાનો બાંધનાર પોતાના કાર્ય પ્રત્યે પુરેપુરો ગંભીર ન હોય તો, બહુ બહુ તો માથા પરથી સાફો પડી જાય કે ડોકમાંથી ટાઈ નીકળી જાય. તેથી લોકો કદાચ થોડુંઘણું હસે; પણ જો ધોતીયામાં આવું થાય તો? ફજેતો જ થઈ જાય! તેથી જે કંઈ પણ થોડીઘણી 'આબરુ' બચી હોય તેના પણ 'કાંકરા' થઈ જાય. જો કે ધોતીયાની દુર્ઘટનાને આબરુ સાથે કંઈ લેવા દેવા નથી. આમ છતાં લોકોએ તેને આબરુ સાથે જોડીને તેની ગંભીરતા વધારી દીધી છે. આ દુર્ઘટના નજરોનજર નીહાળનાર લોકો કદાચ એવું બોલે કે, 'આ સાલો! પોતાનું ધોતીયું સાચવી શકતો નથી; એ સંસાર કઈ રીતે સાચવશે!'

કોઈ દુકાને આપણે '**શાલ**' ખરીદવા જઈએ ત્યારે દુકાનવાળો આપણને પુછે છે કે, '*તમારે 'પોતાના માટે' જોઈએ છે કે 'કોઈને ઓઢાડવાની' છે*'. તેમાં પણ '**ટોપી**' જેવું છે. જેમ ટોપી 'પહેરવાની' અને 'પહેરાવવા'ની જુદી જુદી હોય છે, એ રીતે ઓઢાડવાની શાલ ઘણી સસ્તી, આછી અને વધુ ચમકદાર હોય છે. એ જ રીતે દુકાને 'ધોતીયું' ખરીદવા જઈએ, ત્યારે દુકાનદાર પુછે છે કે, '*તમારે 'પોતાના માટે' જોઈએ છે કે 'ગોર-મહારાજ'ને આપવાનું છે?*' આપણે કહીએ કે

ગોર-મહારાજને આપવાનું છે, તો એ ધોતીયું પ્રમાણમાં 'સસ્તું' અને કંઈક અંશે 'પારદર્શક' હોય છે. તેથી આવું ધોતીયું પહેરી જાતકે સવાર–સાંજ સુર્યપ્રકાશમાં ઉભા રહેવું હીતાવહ નથી.

કેટલાક વીધીવીધાન વખતે 'ધોતીયાભેર' નદીમાં સ્નાન કરવાનું હોય છે. ત્યારે પણ જાતકની કસોટી થાય છે. કારણ કે ધોતીયાને પાણી અને પવન સાથે બહુ બનતું નથી. જો એ વખતે પાણીમાં ઉભા રહીને, બંને હાથે પુજા કરવાની હોય અને એકેય હાથ નવરો ન હોય; ત્યારે ધોતીયું પોતાની નૈતીક ફરજ ચુકીને, પાણીની સપાટી પર તરવા લાગે છે. અલબત, તેને જાતક સાથે સાવ છુટાછેડા લીધા હોતા નથી; પણ અહીં ધોતીયું, રીસાઈને પીયર ચાલી ગયેલી પત્ની જેવી ભુમીકામાં હોય છે. તે જાતક સાથે બંધાયેલું હોવા છતાં; જાતકથી ઘણું દુર હોય છે. આ રીતે તે દુર રહીને જ પત્નીની જેમ પોતાનું મુલ્ય સમજાવે છે. અનુભવી લોકો પાણીમાં ઉતરતાની સાથે જ ધોતીયાને બે પગ વચ્ચે દબાવી દેતા હોય છે. એટલે થોડી વાર પછી ધોતીયું બળવો કરવાનું છોડી ને શરણે થઈ જાય છે. પણ નવોદીત જાતકો સામે ધોતીયું અચુક બળવો પોકારે છે અને બન્ને હાથ પુજામાં રોકાયેલા હોય ત્યારે વ્યક્તી મનોમન 'મારી પત રાખો ગીરધારી' એવું ગાવા લાગે છે.

બીજી બાજુ, ગમે તેવો પવન ફુંકાતો હોય છતાં; ધોતીયું ધારણ કરી બન્ને હાથ વડે તમાકુ ચોળતાં-ચોળતાં, કોઈ કર્મકાંડી ભુદેવ, ઝડપથી ઉપરાંત મક્કમ ગતીએ પગલાં ભરી રહ્યા હોય; ત્યારે તે બ્રાહ્મણ પર આપણને માન થઈ આવે છે. આમ તો પુરુષોએ કોઈ વસ્ત્ર પહેર્યા પછી કઈ રીતે ઉઠવું, બેસવું તેની તાલીમ લેવી પડતી નથી; પણ નવોદીત ધોતીયાધારકો માટે આવી તાલીમ જરુરી છે. કારણ કે જાહેર જનતાના હીતમાં ધોતીયાધારકે ધોતીયું ધારણ કરવાનાં અમુક ધારા-ધોરણો પાળવાં જરુરી બને છે.

-નટવર પંડ્યા

## સર્જકસમ્પર્ક :

Natavar Pandya,
S.M.C.Flats No. I/4/8, Near Sagar Society, Opp. Community Hall,
L.H. Road, Kapodara – SURAT - 395006
Phone - 85306 69907
eMail : natavarpandya@gmail.com Blog : http://natavarpandya.blogspot.com/

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: પંદરમું – અંક: 452-May 10, 2020

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com

♦●♦

**Download Earlier SeMs clicking the link below:**

**https://www.gujaratilexicon.com/gujarati-literature-ebooks/sundayemahefil/**

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,83,74,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,63,46,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 11,19,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,37,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@